# <u>પ્રેસનોટ</u>

## <u>હજ ૨૦૨૬ માટે ઓનલાઈન અરજીઓ અંગે જાહેરાત</u>

ગુજરાત રાજ્ય હજ સમિતિના અધ્યક્ષશ્રી ઈકબાલ સૈયદ અને સચિવશ્રી, આઈ. એમ. ઘાંચી એક અખબારી યાદીમાં સંયુક્ત રીતે જણાવે છે, કે હજ કમીટી ઓફ ઈન્ડીયા દ્વારા હજ ૨૦૨૬ની જાહેરાત થયેલ છે.

હજ કમીટી ઓફ ઈન્ડીયા દ્વારા હજ ૨૦૨૬ માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. ઓનલાઈન અરજી ફોર્મ હજ કમીટીની વેબસાઇટ https://hajcommittee.gov.in અથવા "HAJ SUVIDHA" મોબાઇલ એપ (iPhone અને Android બંને માટે ઉપલબ્ધ) પર ભરવાનું રહેશે.

ઓનલાઈન અરજીની તારીખ: **07 જુલાઈ 2025 થી 31 જુલાઈ 2025 (રાતે 11:59 વાગ્યા સુધી).** હજ કમીટી ઓફ ઈન્ડિયા, મુંબઈની રાજ્ય હજ કમીટીઓ સાથે ઓનલાઈન વીડીયો કોન્ફરન્સમાં **હજ કમીટી ઓફ ઈન્ડિયા, મુંબઈનાં જણાવ્યા મુજબ ઉક્ત તારીખમાં કોઈ જ વધારો થશે નહીં, જેની ગંભીરતાપૂર્વક દરેક હજ અરજદારોએ નોંધ લેવી.**

અરજદારોએ ફોર્મ ભરતાં પહેલાં ગાઈડલાઈન્સ અને શરતો ધ્યાનથી વાંચવી જરૂરી છે. જે હજ ગાઈડલાઈન્સ ટૂંક સમયમાં https://hajcommittee.gov.in પર પબ્લીશ કરવામાં આવશે, જે કાળજીપૂર્વક વાંચ્યા બાદ હજ એપ્લીકેશન ફોર્મ ભરવા જણાવવામાં આવે છે. મશીન રીડેબલ ભારતીય આંતરરાષ્ટ્રીય પાસપોર્ટ ફરજિયાત છે, <u>જે 31 ડિસેમ્બર 2026 સુધી વેલીડ હોવો જોઈએ અને અરજીની અંતિમ તારીખ પહેલાં ઇસ્યુ થયો હોવો જોઈએ.</u>

કેન્સલેશન વાળા કિસ્સાઓમાં માત્ર મૃત્યુ કે ગંભીર બિમારીના કેસ સિવાય રિફંડ નહીં મળે અને કેન્સલેશન ચાર્જ હજ પોલીસી/ગાઈડલાઈન્સ મુજબ ભરવો પડશે. તેથી માત્ર સંપૂર્ણ તૈયારી અને પ્રતિબદ્ધતા સાથે જ અરજી કરવી.

**હજનાં ઓનલાઈન ફોર્મમાં ટેકનીકલ સમસ્યાઓ આવતી હોવાથી તથા હજ કમીટી ઓફ ઈન્ડિયા તરફથી વિગતવાર ગાઈડલાઈન્સ આવવાની બાકી હોઈ ગુજરાત રાજ્ય હજ સમિતિ દરેક હજ અરજદારોને તા. ૧૦-૦૭-૨૦૨૫ પછી ઓનલાઈન અરજી કરવા અનુરોધ કરે છે.** વધુ વિગતો માટે નીચેની વેબસાઈટ રેગ્યુલર ચેક કરતા રહેવા જણાવવામાં આવે છે.

https://www.hajcommittee.gov.in | https://haj.gujarat.gov.in https://www.gujarathajhouse.in

ક્રમાંક:હજસ-૧૦-૨૦૨૫-૦૮૦૭-હ.સ.
ગુજરાત રાજય હજ સમિતિ,
સામાન્ય વહીવટ વિભાગ,
બ્લોક નં ૮, ૮મો માળ સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૮-૦૭-૨૦૨૫

(આઈ. એમ. ઘાંચી)
સચિવ,
ગુજરાત રાજય હજ સમિતિ

- પ્રતિ, તમામ પ્રીન્ટ અને ઈલેક્ટ્રોનીક મીડીયા,
- એડિટરશ્રી, ગુજરાત ટૂડે, શાહઆલમ, અમદાવાદ